પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન
समग्र शिक्षा
Samagra Shiksha
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
વિદ્યા સમિક્ષા કેન્દ્ર સેક્ટર- ૧૯,
ગાંધીનગર-૩૮૨૦૨૧
ફોન નં. ૦૭૯.૨૩૨૪૩૧૩૩, ૨૯૬૩૮૪૦૪
Email: ssamcivilgcpe@gmail.com
Website: www.ssagujarat.org
સિવિલ હેલ્પલાઇન નં. ૦૭૯-૨૨૮૮૦૦૫૧

ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૬/૧૩૪૫૪-૪૫૮ તા. ૧૬.૦૩.૨૦૨૬

## કાર્યાલય આદેશ

પ્રતિ,
મે. સત્યમ કન્સ્ટ્રકશન કંપની
એ. ૧૨૦૩ એમ્પાયર બિઝનેસ હબ
સાયન્સ સીટી રોડ,
અમદાવાદ

વિષય: બનાસકાંઠા જિલ્લામાં પેકેજ ન. RMSA/CW/BK/305 અંતર્ગત મોડેલ સ્કૂલ નીલપુરના દિવાલની નબળી કામગીરી અને તેમાં થયેલ ભ્રષ્ટાચાર બાબત...

સંદર્ભ (૧) ગુજરાત તકેદારી આયોગનો પત્ર ક્રમાંક: શણખ/૧૧/૨૦૨૪/૧૭૮૦૨/બી તા. ૨૩.૧૨.૨૦૨૪
(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો પત્ર ક્રમાંક: પરચ/૧૧૨૫/ત.આ.૦૪/ચ તા. ૨૩.૦૧.૨૦૨૫
(૩) સમગ્ર શિક્ષા કચેરીનો પત્ર ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૫/૫૮૩૭-અ તા. ૧૩.૦૨.૨૦૨૫
(૪) સમગ્ર શિક્ષા કચેરીનો પત્ર ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૫/૪૧૮૮૭-૮૮૯ તા. ૩૦.૦૭.૨૦૨૫
(૫) શ્રી જીતેન્દ્ર વણઝારા, તપાસ અધિકારી તથા એડી. સ્ટેટ પ્રોજેક્ટ ઇજનેરશ્રીનો તા. ૧૧.૦૮.૨૦૨૫ નો પ્રાથમિક તપાસ અહેવાલ
(૬) સમગ્ર શિક્ષા કચેરીનો પત્ર ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૫/૪૫૪૮૮-૪૯૦ તા. ૧૩.૦૮.૨૦૨૫ (કારણદર્શક નોટીસ)
(૭) આપનો તા. ૨૨.૦૮.૨૦૨૫ નો પત્ર
(૮) સમગ્ર શિક્ષા કચેરીનો પત્ર ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૫/૪૮૦૪૨-૪૩ તા. ૨૬.૦૮.૨૦૨૫
(૯) આપનો તા. ૦૨.૦૯.૨૦૨૫ નો પત્ર
(૧૦) સમગ્ર શિક્ષા કચેરીનો પત્ર ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૫/૫૦૩૭૨-૩૭૩ તા. ૦૮.૦૯.૨૦૨૫
(૧૧) આપનો તા. ૧૧.૦૯.૨૦૨૫ નો ખુલાસો

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે 'સર્વ શિક્ષા અભિયાન' બનાસકાંઠામાં સ્કૂલની દીવાલ બનાવવામાં નબળી કામગીરી' બાબતે ગુજરાત તકેદારી આયોગમાં અરજી થયેલ હતી. જે અન્વયે સંદર્ભિત પત્ર (૧) થી ગુજરાત તકેદારી આયોગ દ્વારા સમગ્ર શિક્ષા અંતર્ગત થયેલ મોડેલ સ્કૂલ

નાલપુરના બાંધકામ અંગે જરૂરી ચકાસણી કરી તે અંગેનો હકીકતલક્ષી અહેવાલ તથા તેના સાધનિક દસ્તાવેજો પૂરા પાડવા માટે શિક્ષણ વિભાગને જણાવવામાં આવેલ. જેથી સંદર્ભ (૨) ના શિક્ષણ વિભાગના પત્રથી સદર બાબતે સ્પષ્ટ અભિપ્રાયસહ હકીકતલક્ષી અહેવાલ સમયમર્યાદામાં પૂરો પાડવા જણાવેલ હતું.

ઉપરોક્ત બાબતે સંદર્ભ (૩) થી જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠાને તપાસ સોંપી વિગતવાર અહેવાલ રજુ કરવા જણાવેલ હતું. પરંતુ તેઓ દ્વારા આ બાબતે કોઈ પણ અહેવાલ કે પ્રાપ્ત થયેલ ન હોવાથી સંદર્ભ (૪) ના આ કચેરીના પત્રથી આ તપાસ શ્રી જીતેન્દ્ર વણઝારા, એડી. સ્ટેટ પ્રોજેક્ટ ઇજનેર, સમગ્ર શિક્ષાને સોંપવામાં આવેલ હતી. જે અન્વયે તપાસ અધિકારી શ્રી. વણઝારા દ્વારા તા. ૩૦.૦૭.૨૦૨૫, તા. ૦૪.૦૮.૨૦૨૫ અને તા. ૦૬.૦૮.૨૦૨૫ ના રોજ રૂબરૂ સ્થળ મુલાકાત લઇ રોજકામ કરવામાં આવેલ. જેમાં સમગ્ર શિક્ષા રાજ્ય કચેરી અને જિલ્લા કચેરીના ઇજનેરો અને આપના પ્રતિનિધિ હાજર રહેલ. સંદર્ભ (૫) ના તપાસ અધિકારીશ્રીના અહેવાલમાં મોડેલ સ્કૂલ નીલપુર, જિલ્લો-બનાસકાંઠાના બાંધકામમાં સ્પષ્ટપણે ક્ષતિઓ અને ગેરરીતી થયેલ હોય તેમ જણાવવામાં આવેલ છે.

સદરહુ આ કચેરી દ્વારા સંદર્ભ (૬) ના પત્રથી આપના દ્વારા મોડેલ સ્કૂલ નીલપુરના બાંધકામમાં ગુણવત્તા અને માપોમાં થયેલ ગંભીર અનિયમિતતા અંગે દિન -૦૫ માં ખુલાસો માંગવામાં આવેલ. સંદર્ભ (૭) ના આપના પત્રથી ઉક્ત બાબતે ખુલાસો રજુ કરવા જરૂરી માહિતી આપવા તથા તે માટે ૩૦ દિવસનો સમય આપવા આ કચેરીને જણાવેલ. જે અંગે આ કચેરીના સંદર્ભ (૮) ના પત્રથી સદર બાબતની ગંભીરતાને ધ્યાને લઈને ૩૦ દિવસ જેટલો સમયગાળો આપી શકાય તેમ નથી તેમ જણાવેલ તથા આપશ્રી દ્વારા માંગવામાં આવેલ દસ્તાવેજો સ્ટેટ પ્રોજેક્ટ કચેરીએ રૂબરૂ મુલાકાત લઇ જોઈ લેવા અને માંગવામાં આવેલ ખુલાસો દિન-૦૫ માં રજુ કરવા જણાવેલ હતું. જેના પ્રત્યુત્તરમાં સનાદ્રભ (૯) થી આપના દ્વારા ઉપરોક્ત બાબત માટે અનુકુળ સમય અને તારીખ આપવા તથા ખુલાસો રજુ કરવા માટે ૩૦ દિવસનો સમય આપવા રજૂઆત કરેલ હતી. ત્યાર બાદ તા. ૦૬.૦૯.૨૦૨૫ ના રોજ આપશ્રી દ્વારા માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરીએ રૂબરૂ મુલાકાત દરમિયાન થયેલ ચર્ચા મુજબ અને સંદર્ભ (૧૦)ના આ કચેરીના પત્રથી તા. ૦૯.૦૯.૨૦૨૫ના રોજ સવારે ૧૧;૩૦ કલાકે સ્ટેટ પ્રોજેક્ટ ઇજનેરશ્રીની ચેમ્બરમાં હાજર રહેવા જણાવેલ હતું. આપના દ્વારા જરૂરી દસ્તાવેજોનું અવલોકન કર્યા બાદ સદર તપાસ મુખ્ય તપાસ અધિકારીશ્રી સિવાય અન્ય કોઈ તટસ્થ તપાસ અધિકારી દ્વારા તપાસ કરાવવા માટે સંદર્ભ (૧૧) ના પત્રથી રજૂઆત કરેલ. જેથી આપનો આ ખુલાસો આ કચેરી દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.

ઉપરોક્ત હકીકતે જણાય છે કે આપના દ્વારા પેકેજ ન. RMSA/CW/BK/305 અંતર્ગત મોડેલ સ્કૂલ નીલપુર, જિલ્લો બનાસકાંઠાના દિવાલના બાંધકામમાં કરવામાં આવેલ ગેરીરીતી અને તપાસ અધિકારીશ્રીના અહેવાલ મુજબ સરકારશ્રીને રૂ. ૩૫,૭૭,૪૯૭.૦૦ નું નાણાકીય નુકશાન થયેલ છે. જેને

દિન ૦૭ માં આ કચેરીએ જમા કરવા જણાવવામાં આવે છે અન્યથા આ રકમ આપના આ કચેરીના અન્ય લેણાંમાંથી વસુલ કરવામાં આવશે તથા આપની કંપની સત્યમ કન્સ્ટ્રકશન કંપનીને નિયમોનુસાર ત્રણ વર્ષ માટે સમગ્ર શિક્ષા કચેરી અંતર્ગતના કામો માટે ડીબાર (Debar)/ પ્રતિબંધિત કરવામાં આવે છે.

આ આદેશ સરકારશ્રીના હિતમાં તથા આ કામ કે ઇજારદારશ્રી પ્રત્યે કોઈપણ જાતના પૂર્વગ્રહ રાખ્યા સિવાય કરવામાં આવે છે.

- તા. ૧૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ મળેલ ૮૧મી એક્ઝીક્યુટીવ કમિટીની મીટીંગમાં મળેલ બહાલી અન્વયે

સ્ટેટ પ્રોજેક્ટ ઇજનેર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારું:

- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સદર કચેરી
- ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક ન. ૫ આઠમો માળ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રી શાખા, કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, માર્ગ અને મકાન વિભાગ-પાલનપુર
- હિસાબી શાખા, સમગ્ર શિક્ષા, સદર કચેરી